GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ સાતમ શનિવાર ૩ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૯૧ પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

# મુંબઈમાં CEC સામે CJPના પ્રચંડ દેખાવો




## દીપકેએ ઓટો રિક્ષા ચાલકના અંદાજમાં 'શિવાજી પાર્ક'ની બૂમો પાડી લોકોને આકર્ષ્યા

**મુંબઈ.** કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સંસ્થાપક અભિજીત દીપકે શુક્રવારે મુંબઈના શિવાજી પાર્ક ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શન પહેલાં એક અનોખા અંદાજમાં જોવા મળ્યા હતા. તેઓ બાંદ્રા સ્ટેશન બહાર ઓટો રિક્ષાની ડ્રાઈવિંગ સીટ પર બેસીને એક સામાન્ય રિક્ષા ચાલકની જેમ મોટેથી 'શિવાજી પાર્ક, શિવાજી પાર્ક'ની બૂમો પાડીને લોકોને આકર્ષિત કરી રહ્યા હતા. તેમના આ અનોખા 'ઓટો ડ્રાઈવર સ્ટાઈલ' અનાઉન્સમેન્ટે આસપાસના લોકોનું ધ્યાન ખેંચ્યું હતું અને કુતુહલવશ લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. કેટલીક વ્યક્તિઓએ તેમને ઓળખીને તેમની સાથે

...અનુસંધાન પાના 2 પર

## શિવાજી પાર્ક વિરોધ પ્રદર્શન અંગે સ્થાનિકોની નારાજગી; જાવેદ અખ્તરે 'X' પર કટાક્ષ કર્યો

**મુંબઈ.** મુંબઈના ઐતિહાસિક શિવાજી પાર્ક વિસ્તારના સ્થાનિક નિવાસીઓએ શુક્રવારે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના આંદોલન સામે વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિકોએ અવાજના પ્રદૂષણ, અવરજવરમાં અડચણ અને રોજના જનજીવનમાં થતી આડશનો હવાલો આપતા આક્રોશ વ્યક્ત કર્યો હતો. ભીડના કારણે કેટલાક વેપારીઓને પોતાના ધંધા-રોજગાર પણ બંધ રાખવા પડ્યા હતા. બીજી તરફ, સ્થાનિકોના આ વિરોધ સામે મનોરંજન જગતમાંથી તીખી પ્રતિક્રિયાઓ સામે આવી હતી. મશહૂર પટકથા લેખક અને ગીતકાર જાવેદ અખ્તરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર

...અનુસંધાન પાના 2 પર

## મુંબઈમાં સીજેપીના વિરોધ પ્રદર્શન દરમિયાન હાર્ટ એટેકથી વૃદ્ધનું મોત

**મુંબઈ.** મુંબઈના ઐતિહાસિક શિવાજી પાર્ક ખાતે શુક્રવારે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના આયોજિત આંદોલન દરમિયાન 75 વર્ષીય વૃદ્ધનું હાર્ટ એટેકથી નિધન થયું છે. મતદારયાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનમાં ગેરરીતિઓના આક્ષેપ સાથે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માગણી સાથે આ વિરોધ પ્રદર્શન યોજાયું હતું. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, મૃતકની ઓળખ ઠાણેના દોસ્તી વેસ્ટ કાઉન્ટીના રહેવાસી ગોપાલકૃષ્ણ સબ્બૈયા પિલ્લઈ તરીકે થઈ છે. પિલ્લઈ સાંજે આશરે 4:30 વાગ્યે વિરોધ

...અનુસંધાન પાના 2 પર

**જ્ઞાનેશ** કુમાર રાજીનામું નહીં આપે તો દિલ્હીમાં જંતર મંતર ખાતે ૧૦ ઓક્ટોબરે વિરોધ પ્રદર્શન યોજવાની જાહેરાત

**આંદોલનકારીઓને** સંબોધતા સીજેપી સ્થાપક અભિજીત દીપ્કેએ ભાજપ, મોદી, અમિત શાહ પર પણ પ્રહારો કર્યા

**ભાજપના** વિજય માટે જ જ્ઞાનેશ કુમારની સીઇસી પદે નિમણૂક કરાઇ હોવાનો આક્ષેપ

### ૨૦૨૫ની મતદાર યાદી સ્થગિત કરો, ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગેનો ૨૦૨૩નો કાયદો નાબૂદ કરો

CJP નેતા અજિંક્ય શિંદેએ માંગ કરી હતી કે, જ્ઞાનેશ કુમારે રાજીનામું આપવું જોઈએ અને તેમની સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ. તેમણે ૨૦૨૫ની મતદાર યાદી સ્થગિત કરવાની અને ચૂંટણી કમિશનરોની નિમણૂકની પ્રક્રિયા નક્કી કરતા ૨૦૨૩ના કાયદાને નાબૂદ કરવાની પણ માંગ કરી હતી.

### મેચ ફિક્સ હોય ત્યારે બધા કેચ છોડવામાં નથી આવતા: દીપ્કે

ભાજપના સમર્થકો દલીલ કરે છે કે વિપક્ષ તેલંગાણા, કર્ણાટક અને ઝારખંડમાં જીત્યો હતો અને તેથી ચૂંટણીઓ નિષ્પક્ષ છે, પરંતુ દીપ્કેએ કહ્યું કે જ્યારે મેચ ફિક્સ હોય, ત્યારે બધા બોલ નો-બોલ નથી હોતા અને બધા કેચ છોડવામાં નથી આવતા. તેમણે ભાજપ પર મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપીથી શરૂ કરીને પ્રાદેશિક પક્ષોને ખતમ કરવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ મૂક્યો હતો અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાને "શેલ કંપની" ગણાવી હતી.

મુંબઈ, તા. 2 (PTI): મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે શુક્રવારે અહીંના શિવાજી પાર્ક ખાતે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનમાં હજારો લોકો ઉમટી પડ્યા હતા. પાર્ટીના નેતા અભિજીત દીપ્કેએ ચીતવણી આપી હતી કે જો તેઓ રાજીનામું નહીં આપે તો "જંતર મંતર ૨.૦" જેવા આંદોલનનો સામનો કરવો પડશે. બાદમાં રાત્રે તેમણે જાહેરાત કરી હતી કે જો જ્ઞાનેશ કુમાર રાજીનામુ નહીં આપે તો ૧૦ ઓક્ટોબરે દિલ્હીના જંતર મંતર ખાતે વિરોધ પ્રદર્શન યોજવામાં આવશે.

અગાઉ દિવસ દરમ્યાન જંતર મંતર-૨ની ચિમકી આપ્યા બાદ રાત્રે એક્સ પર મૂકેલી એક પોસ્ટમાં દિપ્કેએ જણાવ્યું હતું કે જો જ્ઞાનેશ કુમાર રાજીનામુ નહીં આપે તો દેશભરમાંથી કોકરોચો દિલ્હી તરફ કૂચ કરશે અને ૧૦ ઓક્ટોબરે ત્યાં જંતર મંતર ખાતે નવેસરથી વિરોધ પ્રદર્શન યોજવામાં આવશે. આ પહેલા દિવસ દરમ્યાન શિવાજી પાર્ક ખાતે આંદોલનકારીઓને સંબોધતા દીપ્કેએ ભાજપ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર પણ પ્રહારો કર્યા હતા. દીપ્કેએ આક્ષેપ કર્યો હતો કે "મતદારોના નામ હટાવ્યા" પછી, ભાજપે એવા રાજ્યોમાં પણ જીત મેળવી જ્યાં નરેન્દ્ર મોદીની લહેર ચરમસીમા પર હતી ત્યારે પણ તે જીતી શક્યું નહોતું. "જો જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે, તો સમગ્ર દેશની જનરેશન ઝેડ દિલ્હી જશે. ત્યાં 'જંતર મંતર ૨.૦' થશે," દીપ્કેએ "ચાલો દિલ્હી"નું આહ્વાન કરતાં કહ્યું. CJPના સ્થાપકે કહ્યું, "મોદી સરકાર એટલી અક્ષમ છે કે અમારે બે મહિનામાં ફરીથી પ્રદર્શન

...અનુસંધાન પાના 2 પર

## ક્રિએટીવ પોસ્ટર્સ અને 'જ્ઞાનુ રિઝાઇન'ના નારા સાથે યુવાઓ ઉમટ્યા






**સર્જનાત્મક** મીમ્સ અને 'ગાંધીવાદી' વિચારો સાથે હલ્લાબોલ

**'જ્ઞાનુ,** તુઝા ડેમોક્રેસી વર ભરોસા નાય કાય?' જેવા પોસ્ટર્સ વાયરલ

**બોલિવૂડ** અને સિવિલ સોસાયટીના દિગ્ગજોનો સાથ

**મુંબઈ, તા. 2 (PTI):** શિવાજી પાર્ક ખાતે શુક્રવારે પોલીસ બેરિકેડ્સની દીવાલ અને કાળઝાળ ગરમી પણ આંદોલનકારીઓના જુસ્સાને ઓછો કરવામાં નિષ્ફળ રહી હતી, જ્યારે કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને નિશાન બનાવવા માટે વ્યંગાત્મક મીમ્સ અને ફિલ્મી સંવાદો લખેલા પ્લેકાર્ડ્સ સાથે યુવા પ્રદર્શનકારીઓ કોકરોચ જનતા પાર્ટી(CJP)ના આંદોલન માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

આ વિરોધ પ્રદર્શન ત્યારે સ્ટાર સ્ટડેડ સભામાં ફેરવાઈ ગયું જ્યારે પીઢ કલાકારો નસીરૂદ્દીન શાહ અને શબાના આઝમી સાથે ફિલ્મ નિર્માતાઓ વિશાલ ભારદ્વાજ અને હંસલ મહેતા, ગાયક-સંગીત નિર્દેશક વિશાલ દદલાણી અને મહાત્મા ગાંધીના પરપૌત્ર તુષાર ગાંધી યુવા પ્રવાસીઓ અને આંદોલનકારીઓ સાથે જોડાયા હતા. શિવાજી પાર્કના રહવાસીઓના વિરોધ અને દાદર સ્ટેશન સુધી ભારે સુરક્ષા બંદોબસ્ત હોવા છતાં, પ્રદર્શનકારીઓએ આ વિસ્તારને ક્રાંતિકારી નારાઓ, ગાંધીવાદી વિચારો અને જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની માંગ કરતા બોર્ડ્સથી ભરી દીધો હતો.

ત્રિરંગો લહેરાવવાની સાથે "ગ્યાનુ, તુઝા ડેમોક્રેસી વર ભરોસા નાય કાય?", "જ્ઞાનેશ બ્રો, જસ્ટ રિઝાઇન" અને "ગદ્દાર ગ્યાનુ મસ્ટ ગો"ના નારા વાળા પોસ્ટરો સાથે સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઇન્ડિયા(SFI) જેવા જૂથોના કાર્યકરો અને યુવાનો મોટી સંખ્યામાં ભીડ સ્વરૂપે આવી પહોંચ્યા હતા. પ્રદર્શનકારીઓએ પોતાની માંગણીઓ તરફ ધ્યાન દોરવા માટે અનોખા પ્રતીકોનો ઉપયોગ કર્યો હતો. જેમાં સાયનના વિદ્યાર્થી મનિષ મંડલે "મેલોડી" ચોક્લેટના રેપર્સમાંથી બનાવેલા ઘરેણાં પહેર્યા હતા અને દેવનાગરી લિપિમાં "ફ્રોડ ડિટર્જન્ટ પાવડર"

...અનુસંધાન પાના 2 પર

## દિલ્હીમાં પણ આપ અને વિદ્યાર્થી સંગઠનો જ્ઞાનેશ કુમાર સામે રસ્તા પર ઉતર્યા

**વિરોધ પક્ષો અને વિદ્યાર્થી સંગઠનોએ સીઈસી સામે સૂત્રોચ્ચારો સાથે જંતર મંતર સુધી પહોંચવા પ્રયાસ કર્યો**

**જંતર** મંતર નજીક કોઇને ભેગા થવા નહીં દેવાયા: આતિશી સહિત ૭૦૦થી વધુ દેખાવકારોની અટકાયત





નવી દિલ્હી, 2 (PTI): મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે શુક્રવારે વિરોધ પક્ષો અને વિદ્યાર્થી સંગઠનો શેરીઓમાં ઊતરી આવ્યા હતા. આ દરમિયાન દિલ્હી પોલીસે ભૂતપૂર્વ મુખ્યમંત્રી આતિશી સહિત ૭૦૦થી વધુ પ્રદર્શનકારીઓની જંતર મંતર નજીકના અને આસપાસના વિસ્તારોમાંથી અટકાયત કરી હતી.

વિરોધ પ્રદર્શન દરમિયાન "એક કચોરી, દો સમોસા, જ્ઞાનેશ તુમ્હારા ક્યા ભરોસા" અને "ગલી-ગલી મેં શોર હૈ, મોદી-જ્ઞાનેશ વોટ ચોર હૈ" જેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આપ પક્ષના નેતાઓ અને

...અનુસંધાન પાના 2 પર

### ઇન્ટરનેટ બંધ, ૧૨ મેટ્રો સ્ટેશનોના દરવાજા બંધ

વિરોધ પ્રદર્શન વચ્ચે મધ્ય દિલ્હીમાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી, જ્યારે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે 12 મેટ્રો સ્ટેશનોના પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. આમાં રાજીવ

...અનુસંધાન પાના 2 પર

## CJPના વિરોધ પ્રદર્શનમાં હજારો યુવાઓ ઉમટી પડ્યાં

**શિવાજી** પાર્ક તરફના તમામ માર્ગો પર પોલીસે બેરિકેડ્સ ગોઠવી દીધા હતા છતાં દેખાવકારો આ ઐતિહાસિક મેદાન સુધી પહોંચવામાં સફળ રહ્યા

**પ્રદર્શનકારીઓને** જેલમાં મોકલવા અભિજીત દીપ્કેએ મુખ્યમંત્રી ફડણવીસને પડકાર ફેંક્યો

મુંબઈ, તા. 2 (PTI): પોલીસે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હોવા છતાં, શુક્રવારે 'કોકરોચ જનતા પાર્ટી'(CJP) ના વિરોધ પ્રદર્શન માટે હજારો યુવક-યુવતીઓ અહીંના શિવાજી પાર્ક ખાતે એકઠા થયા હતા અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી હતી.

મધ્ય મુંબઈના આ વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ અને સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા અને નજીકના દાદર રેલવે સ્ટેશનથી આવતા તમામ પ્રવેશ માર્ગો પર બેરિકેડ લગાવી દેવામાં આવ્યા હતા, છતાં પ્રદર્શનકારીઓ ઐતિહાસિક રાજકીય રેલીઓ માટે જાણીતા આ મેદાન સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા. પ્રદર્શનકારીઓને સંબોધતા CJP નેતા અભિજીત દીપ્કેએ

...અનુસંધાન પાના 2 પર

## એશિયન ગેમ્સ ક્રિકેટ ફાઈનલમાં આજે ભારત-પાકિસ્તાન વચ્ચે મહામુકાબલો

**ટ્રીકી** પીચ પર ગોલ્ડ જીતવા સજ્જ ભારતીય ટીમ સામે યુવા પાકિસ્તાની ટીમ પડકાર સર્જી શકે

**સવારે** 10:30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લિવ પર



નગોયા, તા. 02 (PTI) : એશિયન ગેમ્સ પુરુષ ક્રિકેટ સ્પર્ધાની આવતીકાલે શનિવારે રમાનારી ફાઈનલમાં વિશ્વ ચેમ્પિયન ભારત અને પાકિસ્તાન વચ્ચે ગોલ્ડ મેડલ

...અનુસંધાન પાના 2 પર

### ભારતીયો પાકિસ્તાનીઓ સાથે હાથ મિલાવે તેવી સંભાવના ઓછી

બંને ટીમો મેદાન પર જીત મેળવવા માટે કોઈ કસર છોડશે નહીં, અને મેદાનની બહાર પણ તણાવ ચાલુ રહેવાની શક્યતા છે. ગયા વર્ષના એશિયા કપ દરમિયાન હાથ ન મિલાવવાની પરંપરા શરૂ થઈ હોવાથી, ખેલાડીઓ આ મેચ પહેલા

...અનુસંધાન પાના 2 પર

### ACC પ્રમુખ મોહસીન નકવી ભારત-પાકિસ્તાન વચ્ચેની ફાઇનલમાં હાજર નહીં રહે

**દુબઈ.** એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) ના પ્રમુખ મોહસીન નકવી શનિવારે જાપાનના નિશિન શહેરના કોરોગી પાર્ક ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે યોજાનારી એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ મેચ દરમિયાન હાજર રહેશે નહીં. એસીસીએ

...અનુસંધાન પાના 2 પર

**હનુમાન ચાલીસાના પાઠ કર્યા, ભગવાને જ મને બચાવ્યો: સ્મિત**

## મોદીએ બહાદુર કેપ્ટન સ્મિત સાથે વાત કરી

**હું અન્યોને** મરવા નહીં દેવા પ્રતિબદ્ધ હતો: કેપ્ટન, યુએઇની હોસ્પિટલમાં સારવાર લેતા મછારને વડાપ્રધાને ફોન લગાડ્યો, થોડી વાત ગુજરાતીમાં પણ થઇ

**સ્મિતના** માતા ગીતાબેન સાથે પણ મોદીએ ફોન પર વાત કરી



નવી દિલ્હી, તા. 2 : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફ્લાયદુબઈના કેપ્ટન સ્મિત મછારને ફોન લગાડયો હતો, જેઓ કોકપીટમાં હુમલો થયા બાદ હાલ યુએઈની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મછારે આ હુમલા વખતની ઘટનાઓ યાદ કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરતી વખતે જણાવ્યું હતું કે, અડધે રસ્તે કો-પાઈલટ દ્વારા હુમલો કરવામાં આવ્યા પછી પણ, તેમણે નક્કી કરી લીધું હતું કે તેઓ અન્ય લોકોનો જીવ જવા નહીં દે. પોતાનામાં જેટલી પણ તાકાત બચી હતી, તેનાથી તેમણે વિમાનને બચાવી લીધું હતું.

વડાપ્રધાને પાઈલટ સાથે ફોન પર વાત કરી હતી. પાઈલટ હાલ યુએઈની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બુધવારે દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈ ફ્લાઈટ FZ1073ના કોકપિટમાં કો-પાઈલટ દ્વારા છરીના ઘા ઝીંકીને ગંભીર રીતે ઘાયલ કરાયેલા મછારે

...અનુસંધાન પાના 2 પર

### કેપ્ટન સ્મિત મચ્છરની અટક પાછળનો રસપ્રદ ઈતિહાસ

**નવી દિલ્હી.** દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાઈટમાં સહ-પાયલટે તેમના પર જીવલેણ હુમલો કર્યો હોવા છતાં ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરે સાહસ દેખાડતા વિમાનમાં સવાર 174 મુસાફરોનો જીવ બચાવ્યો હતો જેની સમગ્ર દેશ-વિદેશમાં પ્રશંસા થઈ રહી છે આ સાથે જ તેમની અનોખી અટક 'મચ્છર' સમગ્ર દેશમાં કૌતુક અને

...અનુસંધાન પાના 2 પર

### તા. ૦૨-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૯૮૩ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૭.૩૫ ફૂટ | આઉટફ્લો ૭૧૪૯ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૬.૮ સે. | ૨૬.૨ સે. | ૪૭% |